# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , "સંતૃપ્તિના સંકલ્પની સિદ્ધિ " થકી વિકસિત ભારતનાં લક્ષ્યાંકમાં વિકસિત ગુજરાત સૌથી અગ્રેસર રહેશે

2) કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માર્ગદર્શક રાષ્ટ્રીય અભિયાન તરીકે કામ કરી રહી છે.

3) રાજ્ય સરકારે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના વિકાસ માટે એક હજાર 632 કરોડ રૂપિયાની બૃહદ યોજના બનાવી.

4) દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે ભારે વરસાદની આગાહી

5) સાબરકાંઠાની 12 મહિલાઓ આવતા મહિને ચેન્નઈમાં રમાનારી રાષ્ટ્રીયકક્ષાની ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GANDHINAGAR SAMPOORNATA ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુણવત્તાયુક્ત વિકાસ અને જનકલ્યાણમાં સંતૃપ્તિના સંકલ્પની સિદ્ધિ થકી વિકસિત ભારતમાં વિકસિત ગુજરાત અગ્રેસર રહેશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા "સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ"માં આજે શ્રી પટેલે આ વાત કહી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

શ્રી પટેલે નર્મદા અને દાહોદ જિલ્લાને દેશભરમાં મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અંતર્ગત અગ્રેસર રહેવા આનંદ વ્યક્ત કર્યો. આ પ્રસંગે તેમણે દાહોદ , નર્મદા , બનાસકાંઠા, કચ્છ, પંચમહાલ, સુરેન્દ્રનગર, તાપી, પાટણ, ડાંગ, છોટા ઉદેપુર એમ કુલ 10 જિલ્લામાં આગામી એક સપ્તાહ સુધી યોજાનારા 'આકાંક્ષા હાટ'નો પણ પ્રારંભ કરાવ્યો.

. . . . . . .

# NEP DHARMENDRA PRADHAN

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું , જેમજેમ દેશ વિકસિત ભારતના લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યો છે. તેમતેમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આગળ વધવાના માર્ગદર્શક રાષ્ટ્રીય અભિયાન તરીકે કામ કરે છે. ગત પાંચ વર્ષમાં સરકાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી સરકાર દ્વારા શિક્ષણ પ્રણાલિમાં આદર્શ પરિવર્તન કરાયું છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના પાંચ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે અખિલ ભારતીય શિક્ષા સમાગમ 2025નું ઉદ્ઘાટન કરતા શ્રી પ્રધાને આ વાત કહી.

(BYTE: DHARMENDRA PRADHAN, EDUCATION MINISTER)

આ પ્રસંગે શ્રી પ્રધાને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ- DoSEL અને ઉચ્ચ શિક્ષણ વિભાગ - DoHEની કેટલીક પહેલનો પ્રારંભ કરાવ્યો.

. . . . . . . .

# AMBAJI MASTER PLAN

રાજ્ય સરકારે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના વિકાસ માટે એક હજાર 632 કરોડ રૂપિયાનો માસ્ટર પ્લાન એટલે કે, બૃહદ યોજના બનાવી છે. બે તબક્કામાં લાગુ થનારી યોજનાના પહેલા તબક્કાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. બૃહદ યોજનાનો હેતુ યાત્રાળુઓની સુવિધાઓમાં વધારો કરીને યાત્રાધામો માટે નવું ધોરણ એટલે કે, બેન્ચમાર્ક સ્થાપવાનો છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. સાંભળીએ એક અહેવાલ.

(V/C- ANIL PATEL)

*(..... ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અંબાજીના વિકાસ માટેની બૃહદ યોજના પર કામ કરી રહ્યું છે. આ યોજનાના કેન્દ્રમાં ગબ્બર પર્વત છે , અને અંબાજી માતાનું મંદિર કે, છે. યોજના હેઠળ અંબાજી મંદિરથી ગબ્બર સુધી નિર્માણ પામનારા શક્તિ કૉરિડોરમાં 50 વર્ષની દ્રષ્ટિ સાથે અનેક સુવિધાનો વિકાસ કરાશે. આ ઉપરાંત મેળા અને ગરબા માટે ઇવેન્ટ પ્લાઝા, તેમજ નવી યાત્રિ નિવાસ સુવિધા સ્થાપશે. સાથે જ ચાચર ચોકનું ત્રણ ગણું વિસ્તરણ અને વિવિધ સરોવરોનું પણ સૌંદર્યીકરણ કરાશે..)*

*અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

. . . . . . .

# SHIV ABHISHEK

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે ત્યારે ભરૂચના કંબોઈ સ્થિત અરબી સમુદ્ર કિનારે આવેલા ગુપ્તેશ્વર મહાદેવ પર સમુદ્ર દેવ દિવસમાં બે વખત અભિષેક કરે છે.

સાથે જ મહેસાણાના વિજાપુરમાં આસોડ ગામ ખાતે સિદ્ધરાજ જયસિંહે 12મી સદીમાં બનાવેલા જશમલનાથજી મહાદેવ મંદિરમાં શ્રાવણ માસની અમાસે 1008 કમળથી પૂજા થાય છે.

. . . . . . .

# APPOINTMENT LETTER OVER ALL

રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. તે અંતર્ગત આજે મહીસાગર જિલ્લામાં મેરીટ પ્રેફરન્સના આધારે બિન સરકારી અનુદાનિત માધ્યમિક વિભાગમાં કુલ 223 ઉમેદવારોને મહીસાગર જિલ્લો ફાળવવામાં આવ્યો. કાર્યક્રમમાં ઉપસ્થિત 210 લોકોને નિમણૂકપત્ર અપાયાં.

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................................

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

દેશની શિક્ષણ વ્યવસ્થાને સર્વાંગી અને ભવિષ્યલક્ષી બનાવવા દેશમાં વર્ષ 2020માં નવી શિક્ષણ નીતિની શરૂઆત કરવામાં આવી. આ ઐતિહાસિક નિર્ણયને આજે પાંચ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે શિક્ષણ નીતિની પાંચ વર્ષની યાત્રા અંગે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે સવા નવ વાગ્યે વિશેષ ચર્ચા રજૂ કરાશે . આ ચર્ચામાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉક્ટર હર્ષદ પટેલ અને આકાશવાણીનાં સંવાદદાતા અપર્ણા ખુંટ ભાગ લેશે.

તો સાંભળવાનું ચૂકશો નહીં રાત્રે સવા નવ વાગ્યે , પ્રસારણ આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી કરવામાં આવશે.

. . . . . . . . . .

# DHANERA SPASTHTA

બનાસકાંઠાના ધાનેરામાં ખેડૂતોએ દુકાનો ખોલાવતા યુરિયા ખાતરનો જથ્થો મળી આવ્યાના સમાચારને જિલ્લા ખેતીવાડી અધિકારીએ રદિયો આપ્યો છે. 26 જુલાઈએ વિવિધ સમાચાર માધ્યમોમાં આ સમાચાર પ્રસિદ્ધ થયા હતા.

ત્યારબાદ 27મીએ ખેતીવાડી વિભાગે ધાનેરા તાલુકામાં આવેલી અંબિકા શૉપિંગ સૅન્ટરની તમામ દુકાનો અને વખારની રૂબરૂ મુલાકાત લઈ તપાસ કરી હતી. તે દરમિયાન યુરિયા ખાતરનો જથ્થો જોવા મળ્યો નહતો , જેથી ખાતરની કાળા બજારી કે સંગ્રહખોરી અંગેનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી પાંચ ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદની આગાહી છે. દરમિયાન આવતીકાલે પંચમહાલ , દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તથા દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. સાથે જ માછીમારોને પહેલી ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . . . . .

# RAIN DISTRICT WISE

રાજ્યમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે. આજે સાંજે છ વાગ્યા સુધીમાં 95 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ દોઢ ઈંચ જેટલો વરસાદ વલસાડ જિલ્લાનાં કપરાડાં તાલુકામાં થયાંનાં અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મૌસમનો કુલ સરેરાશ 63 ટકા જેટલો વરસાદ થયો છે.

દરમિયાન વલસાડ જિલ્લાનાં વલસાડ તાલુકામાં ચાર કલાકમાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો. જ્યારે અન્ય તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો. તો ધરમપુર તાલુકાના શિશુમાળ ગામમાં ભારે વરસાદ અને તીવ્ર પવનના કારણે એક કાચું મકાન ધરાશાયી થયું. મકાનના કાટમાળ નીચે દબાયેલાં એક વરિષ્ઠ નાગરિકને હોસ્પિટલ ખસેડાયાં. બીજી તરફ, 24 લૉ લાઇનના મુખ્ય માર્ગ પર પાણી ભરાતા તેના પર અવર-જવર બંધ કરવામાં આવી હતી.

મધુબન બંધમાં પાણીની આવક થતાં બંધનું સ્તર 71.70 મીટર જેટલું થયું. બંધમાં 18 હજાર 475 ક્યૂસેક પાણીની આવક વધતાં બંધના ચાર દરવાજા 1.30 મીટર ખૂલ્લા રખાયાં. તેમજ બંધમાંથી 19 હજાર 715 ક્યૂસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ બંધની સપાટી 328 ફૂટને પાર થઈ ગઈ છે. ઉપરવાસ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં થતાં વરસાદને કારણે બંધની સપાટી એક માસથી વધી રહી છે. વર્તમાન સમયમાં બંધમાં 40 હજાર 137 ક્યૂસેક પાણી આવી રહ્યું છે અને નહેર વાટે 800 ક્યૂસેક પાણી છોડાઈ રહ્યું છે.

. . . . . .

# RAJKOT AIRPORT

રાજકોટના આંતરરાષ્ટ્રીય હવાઈમથકને કાર્ગો સેવાની મંજૂરી મળી છે. અમારા પ્રતાનિધિ જણાવે છે , આવતીકાલથી એૅરલાઈન્સ ગમે ત્યારે આ સેવા શરૂ કરી શકશે. વેપારીઓ, ઉદ્યોગકારો કે અન્ય વ્યક્તિઓ આ સેવાનો લાભ લઈ શકશે. હવાઈમથક પરથી કાર્ગો સેવા શરૂ થતા માત્ર રાજકોટ જ નહીં , પણ સમગ્ર સૌરાષ્ટ્રના નાના, મધ્યમ તેમજ મોટા ઉદ્યોગ અને વેપાર-ગૃહોને અમદાવાદ સુધી નહીં આવવું પડે.

. . . . . .

# REL FATAK - CLOSE

અમદાવાદ મંડળના વિરોચન નગર –જખવાડા સ્ટેશનોની વચ્ચે આવેલ વિરોચન નગર ફાટક સમારકામ અને જાળવણી કામગીરી માટે આવતીકાલ થી સવારે ૪ વાગ્યાથી ૩ ઓગસ્ટના સાંજે ૪ વાગ્યા સુધી બંધ રહેશે. આ દરમિયાન હલકા વાહન માટે છારોડી રેલવે ફાટક અને ભારી વાહન માટે સચાણા રેલવે ફાટકનો ઉપયોગ કરી શકાશે.

. . . . . . . . . . . . .

# UNDERPASS - CLOSE

પશ્ચિમ રેલવે અમદાવાદ વિભાગના પાલનપુર-સામખિયાળી અને મહેસાણા-વિરમગામ રેલવે વિભાગમાં આવેલા 5 અંડરપાસ આગામી 30 સપ્ટેમ્બર સુધી જાહેર વાહન વ્યવહાર માટે બંધ રહેશે. ચોમાસાની ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે આ નિર્ણય કરાયો છે.

. . . . . .

# SABARKANTHA CRICKET

સાબરકાંઠાની 12 જેટલી મહિલાઓની રાષ્ટ્રીય કક્ષાની ટૅનિસ ક્રિકેટ ટૂર્નામૅન્ટ માટે પસંદગી થઈ છે. તેઓ આવતા મહિને ચેન્નઈમાં યોજાનારી સ્પર્ધામાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. સમગ્ર રાજ્યમાંથી પસંદ થયેલી 14માંથી 12 મહિલા સાબરકાંઠાની છે. અગાઉ રાજ્યકક્ષાની આ સ્પર્ધા સાબરકાંઠાના હિમ્મતનગરમાં રમાઈ હતી. આ અંગે સુકાની પાયલ પટેલે વધુ માહિતી આપી.

(BYTE: PAYAL PATEL, CAPTION)

. . . . . . . . . . . . .

# SOLAR ROOFTOP GUJARAT

ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાદ નાયકે આજે લોકસભામાં જણાવ્યું કે , 14 જુલાઇ સુધીમાં દેશમાં 15 લાખ 45 હજાર ઘરોમાં રૂફ ટોપ સોલર સિસ્ટમ છે , જેમાંથી ગુજરાતમાં પાંચ લાખ 23 હજાર ઘરોનો સમાવેશ થાય છે.

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન રહેણાંક , સરકારી, વ્યાપારી અને ઔદ્યોગિક , સંસ્થાકીય, સામાજિક અને ખાનગી સંસ્થાઓમાં ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલર સિસ્ટમ્સની કુલ 15 હજાર 206 મેગાવોટ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે , એમ મંગળવારે સંસદમાં જણાવવામાં આવ્યું હતું.

. . . . . . . . .

# GOVERNOR GANDHINAGAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું , સારા સંસ્કારોના સિંચનથી બાળકો માનવતાના રક્ષક અને રાષ્ટ્રના નિર્માતા બની શકે છે. ગાંધીનગરમાં ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી દ્વારા "ધન્યોગૃહસ્થાશ્રમ – દંપતી માર્ગદર્શન " કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ આ વાત કહી. તેમણે કહ્યું, આજની સમસ્યા એ નથી કે, સંશાધનનો અભાવ છે, પરંતુ સંવેદનશીલતા, સહિષ્ણુતા, કરુણા અને પ્રેમનો અભાવ છે.

જ્યારે આપણે ભવિષ્યની પેઢીને માત્ર તબીબો , ઈજનેરો, અધિકારીઓ જ નહીં, પણ સજ્જન, સંવેદનશીલ અને સત્યવાદી માનવી બનાવવાને પ્રાથમિકતા આપીએ ત્યારે જ સમાજ , રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ શક્ય છે તેમ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું. દરમિયાન તેમણે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીને ક્રાંતિકારી પહેલ ગણાવી.

. . . . . .